# કૃષિ ઈજનેરી અને ટેકનૉલોજી કોલેજ, આ.કૃ.યુ., ગોધરા ખાતે શ્રી સ્વામિનારાયણ ગાદી ઇન્ટરનેશનલ ટેકનો સ્કૂલ, જાફરાબાદ, તા. ગોધરા, જી. પંચમહાલના વિધ્યાર્થીઓની મુલાકાત

આણંદ કૃષિ યુનિવર્સિટીની કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ, ગોધરાની શ્રી સ્વામિનારાયણ ગાદી ઇન્ટરનેશનલ ટેકનો સ્કૂલ, જાફરાબાદ, તા. ગોધરા, જી. પંચમહાલના ધો. ૬ થી ૯માં અભ્યાસ કરતાં કુલ ૧૬૫ વિધ્યાર્થીઓ તેમજ ૭ શિક્ષક દ્વારા તા. ૧૮/૧૨/૨૦૨૪, બુધવાર અને તા. ૧૯/૧૨/૨૦૨૪, ગુરૂવારના રોજ મુલાકાત લીધેલ હતી. સદર મુલાકાત અત્રેની કોલજના આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષશ્રીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ. સદર મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓને અત્રેની કોલેજના ફાર્મ મશીનરી એન્ડ પાવર એન્જીનિયરીંગ વિભાગ, બેસિક એન્જીનિયરીંગ એન્ડ એપ્લાયીડ સાયન્સીસ વિભાગ, પ્રોસેસિંગ એન્ડ ફૂડ એન્જીનિયરીંગ વિભાગ, રીન્યુએબલ એનર્જી એન્જીનિયરીંગ વિભાગ, સોઇલ એન્ડ વોટર કન્ઝર્વેશન એન્જીનિયરીંગ વિભાગ, ઈરીગેશન અને ડ્રેનેજ એન્જીનિયરીંગ વિભાગની મુલાકાત લીધેલ હતી. જેમાં વિભાગની વિવિધ લેબોરેટરી, ફિલ્ડ લેબોરેટરી, સોઈલ કન્ઝર્વેશન મોડલ/સ્ટ્રકચર, ડ્રીપ ઈરીગેશન, ફૂડ પ્રોસેસિંગને લગતી અદ્યતન મશીનરી/સાધનો, ગ્રીન હાઉસ/નેટ હાઉસ, ઈમ્પ્લીમેન્ટ શેડ, વર્કશોપ વગેરે તેમજ વિભાગની વિવિધ કામગીરી અને સુવિધાઓ વિષે માહિતગાર કરવામાં આવેલ હતા. ઉપરાંત અત્રેની કોલેજમાં ચાલતા બી.ટેક., એમ.ટેક., અને પીએચડી ડિગ્રી કોર્સ વિષે માહિતગાર કરવામાં આવેલ. સદર મુલાકાત દરમ્યાન અત્રેની કોલેજના તમામ વિભાગીય વડાશ્રીઓ તેમજ જે તે વિભાગના અધિકારી/કર્મચારીઓએ વિદ્યાર્થીઓની કોલેજની મુલાકાત માટે સરાહનીય યોગદાન આપેલ. સદર મુલાકાતનું સંચાલન ઈજ. ખ્યાતિ એન. વ્યાસ, સિનિયર રીસર્ચ આસિસ્ટન્ટ અને ડો. એમ. કે. તિવારી, સહ પ્રાદ્યાપક અને વિભાગીય વડા, સોઇલ એન્ડ વોટર કન્ઝર્વેશન એન્જીનિયરીંગ વિભાગ દ્વારા કરવામાં આવેલ હતું.





Plane Apparatus








ASHOKA




TAGORE




COLLEGE OF AGRICULTURAL ENGINEERING AND
આણંદ કૃષિ વિશ્વવિદ્યાલય
કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી કોલેજ


COLLEGE OF AGRICULTURAL ENGINEERING AND TECHNOLOGY
આણંદ કૃષિ વિશ્વવિદ્યાલય
કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી કોલેજ